ડિઝીટલ ગુજરાત પોર્ટલ

<u>સમય મર્યાદા તાત્કાલિક</u>

નં.મક/આવિ/વિદ્યા/રાજ/૨૦૧૯-૨૦/
મદદનિશ કમિશ્નરશ્રીની આ. વિ.નીકચેરી,
જિલ્લા સેવા સદન-૩ બ્લોક નં.૧ ૧લો માળ,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ
તા.૧૭/૦૭/૨૦૧૯
ફોન નં – ૦૨૮૧-૨૪૭૮૩૭૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
..........................................
..........................................
તા-.......... જિ-.............

વિષયઃ- વર્ષ ૨૦૧૯-૨૦ ની વિધા સાધના યોજના અંતર્ગત અનુ.જનજાતિની વિધાર્થીનીઓને "સાયકલ ભેટ" ની દરખાસ્ત ઑનલાઇન કરવા માં જાતિનો દાખલો અપલોડ કરવા બાબત.

સંદર્ભ :- નં.આવિ.શિક્ષણ/ફા.નં.૧૧૬૬/૧૯-૨૦/૫૬૭ થી૫૯૧ ના તા-૨૧/૦૬/૨૦૧૯નો પરિપત્ર

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૯-૨૦ થી રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ /સહાય કે લાભ એક જ જગ્યાએથી આપી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરી છેલ્લા બે નાણાંકીય વર્ષથી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જે રીતે આદિજાતિ વિકાસ વિભાગની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો વર્ષ ૨૦૧૯-૨૦ માટેનો અમલ Digital Gujarat Portal મારફત ઓનલાઇન કરવાથી થાય છે. ત્યારબાદ "વિદ્યા સાધના યોજના" (ફકત ધોરણ - ૯ ની અનુ જન જાતિ ની વિદ્યાર્થીની) નો અમલ પણ Digital Gujarat Portal મારફત કરવાનું નક્કી કરવામાં આવેલ હોય હવે શિષ્યવૃર્તિ/ગણવેશ/વિદ્યાસાધના(સાયકલ ભેટ) સહાય યોજનાની દરખાસ્તો જે રીતે ઓનલાઇન મોકલવામાં આવે છે તેમા વિદ્યાર્થી ના જાતિ ના દાખલા ની જગ્યાએ આચાર્યશ્રી ઓ દ્વારા શાળા છોડ્યા નું પ્રમાણપત્ર તેમજ બોનાફાઇડ અપલોડ કરવામાં આવે છે. જે યોગ્ય બાબત નથી. સરકારશ્રી ના પરિપત્ર અનુસાર અનુ જન જાતિ ની વિદ્યાર્થી ઓ માટે જાતિ નો દાખલો અનિવાર્ય હોય તો આપની કક્ષાએથી આપના હસ્તક ની તમામ શાળાઓના આચાર્ય ને આ અંગે સુચના આપવા વિનંતી છે. જેથી અનુ જન જાતિ ના વિદ્યાર્થીઓ ને દરેક યોજનાનો લાભ ઝડપ થી મળી રહે.

મદદનિશ કમિશ્નર વર્ગ-૧
આદિજાતિ વિકાસ રાજકોટ

---

ક્રમાંકઃયોજના/પરચ/૨૦૧૯/૨૯૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૩/૦૭/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner